ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો
૧૯૭૪તેમાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક બમશ-૧૦૮૮-૩૧૬૭-(૮૯)ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨-મે. ૧૯૯૦

વંચાણમાં લીધા:-
શિક્ષણ વિભાગનો તા. ૧૭-૪-૮૯ નો ઠરાવ ક્રમાંક-બમશ-૧૦૮૮-૭૫૨(૮૯)ગ

'' ઠરાવ ''

માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચાર અને આચાર્યને હકક રજા બાબતના ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૩૦(૭) ક અને ૩(૭)(ખ) માં ઉકત વંચાણમાં લીધેલ તા.૧૭-૪-૮૯ના ઠરાવથી જરુરી ફેરફાર મંજુર કરવામાં આવ્યા છે.અને તે જ ઠરાવના ફકરા ૨ થી આ ફેરફાર ઠરાવની તારીખથી અમલમાં આવશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

બિન સરકારી માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓને સરકારી કર્મચારીઓના ધોરણે તા.૧-૭-૮૬ થી ૨૪૦ દિવસ સુધીની હકકરજા એકઠી કરવાની જોગવાઈનો લાભ મળે તે બાબત સરકારની વિચારણા હેઠળ હતી.યોગ્ય વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૭-૪-૮૯ ના ઠરાવ ક્રમાંક બમશ-૧૦૮૮-૭૫૨(૮૯)ગ નો ફકરો ૨ રદ કરીને નીચે મુજબ વાંચવો.

૨/- આ ફેરફાર બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે તા.૧-૭-૮૬થી અને આચાર્ય (પ્રથમ આચાર્ય)ના કિસ્સામાં તેમના સબંધમાં ઠરાવ રવાના થયાની તારીખથી એટલે કે તા.૧૭-૪-૮૯ થી અમલમાં આવશે.''

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૪-૧-૯૦ની સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ.મ.સુતરીયા
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

ક્રમાંક:માધ્ય. /૧૨૪૦૪-૧૨/૭૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વઢવાણનો ઉતારો, રાજકોટ
તારીખ. ૧૩/૬/'૯૦

પ્રત રવાના:-
તમામ બિન સરકારી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ. જાણ તથા અમલ માટે.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.